# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ

## બાળમેળો ડોક્યુમેન્ટ
## વર્ષ ૨૦૨૩-૨૪





**સંકલન**

**શ્રીમતી કંચનબેન ભુત**
સીનીયર લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જૂનાગઢ

**માર્ગદર્શક**

**હિરેન ભટ્ટ**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જૂનાગઢ

# બાળમેળો અને લાઈફસ્કીલ મેળા સંદર્ભે કવિતા

અમે બાળ નાના, અમે બાળ નાના, અમે બાળમેળો ઉજવતા,

લૂંટાવી દઈશું ખુશીના ખજાના, અમે બાળ નાના, અમે બાળ નાના,

અમે દોરીશું મોર, પોપટ મજાના, અમે દોરીશું પાઈનેપલ, બનાના

મહિં પૂરશું રંગ ઇન્દ્રધનુષના, અમે બાળ નાના, અમે બાળ નાના...(1)

કવિતા અમે બાળગીતો મજાના, છલોછલ ભર્યા વાર્તાના ખજાના,

ખરેખર અમે થઈ જવાના દિવાના, અમે બાળ નાના, અમે બાળ નાના...(2)

કરી માટી ભીની અમે ગુંદવાના, બળદ, ગાય ને ભેંસ બનશે મજાના,

હથેળીમાં મહેંદી સરસ મૂકવાના,અમે બાળ નાના, અમે બાળ નાના...(3)

પીલી સ્ક્રુ અને ફ્યુઝ પણ બાંધવાના, વળી આજ પંચર અમે સાંધવાના,

અમે લાઈફસ્કીલથી સુસજ્જિત થવાના, અમે બાળ નાના, અમે બાળ નાના...(4)

અમે બાળમેળો ઉજવતા, લૂંટાવી દઈશું ખુશીઓના ખજાના,

અમે બાળ નાના, અમે બાળ નાના...

<u>રચયિતા</u>

કમલેશ જેઠવા 'અમર'
બોડકા પ્રાથમિક શાળા તા. માણાવદર જિ. જુનાગઢ

# લેખન - સંપાદન

| ક્રમ | કર્મચારીનુ નામ | સંસ્થાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧ | ધર્મેશ પી. સેલારકા | સી.આર.સી. નાનાકોટડા | વિસાવદર |
| ૨ | કેતનભાઈ વી. રૂપાપરા | બી.આર.પી. નિપુણ | ભેસાણ |
| ૩ | પ્રતાપસિંહ આર. જેઠવા | સી.આર.સી. મહોબતપુર | વંથલી |
| ૪ | અંકિતકુમાર વી. ભટ્ટ | રૂપાવટી પ્રાથમિક શાળા | વિસાવદર |
| ૫ | વિરલ પી. દુતિયા | બી.આર.પી. નિપુણ | જૂનાગઢ ગ્રામ્ય |
| ૬ | ભાવિકાબેન કે. ગોર | સી.આર.સી. ચોકી | જૂનાગઢ ગ્રામ્ય |
| ૭ | નિલેશ જી. ચાવડા | સી.આર.સી. કુમાર શાળા | વિસાવદર |
| ૮ | પ્રદીપ એન. ઠાકર | કરશનગઢ પ્રાથમિક શાળા | મેંદરડા |
| ૯ | નિરવ બી. રાજ્યગુરુ | સી.આર.સી. ટીનમસ | વંથલી |
| ૧૦ | મધુસુદન જે. રાડિયા | સ્પે.એજ્યુકેટર - બગડુ | જૂનાગઢ ગ્રામ્ય |
| ૧૧ | જીજ્ઞેશ આર. મહેતા | સ્પે.એજ્યુકેટર - ગલિયાવાડા | જૂનાગઢ ગ્રામ્ય |
| ૧૨ | ચેતનભાઇ એસ. ભુવા | બી.આર.પી. નિપુણ | વંથલી |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૬ |
| ૨ | સંકલ્પના | ૭ |
| ૩ | બાળમેળાના હેતુઓ | ૮ |
| ૪ | ધો. ૧ થી ૫ આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળો | ૯ |
| ૫ | બાળમેળા અંતર્ગત સમગ્ર જિલ્લામા થયેલ પ્રવૃત્તિઓ | ૧૦ |
| ૬ | ઉપસંહાર | ૪૯ |
| ૭ | બાળકો, વાલીઓ, એસ.એમ.સી. સભ્યો, આચાર્યશ્રીઓના પ્રતિભાવો | ૫૦ |
| ૮ | મુલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો | ૫૩ |
| ૯ | બાળમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો | ૫૮ |
| ૧૦ | બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનીટ્સ | ૬૯ |

# પ્રસ્તાવના

પ્રાચીન સમયથી ચાલી આવતી કેળવણીમાં સમયના વહેણ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થવાથી નવતર પરિવર્તન આવ્યા છે. જેના પરિણામે શિક્ષણ પ્રક્રિયામાં પણ નવતર પ્રયોગો અને પ્રવાહો બદલાયા છે. ત્યારે તેને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ વિવિધ કક્ષાએ અનુકૂલન સાધતા શીખે. આ ઉપરાંત રસ, રુચિ અને કૌશલ્ય વિકસે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા GCERT - ગાંધીનગરના માધ્યમથી બાળમેળાનું આયોજન થાય છે. બાળમેળા અંતર્ગત ધોરણ ૧ થી ૫ માં આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળો અને ધોરણ ૬ થી ૮માં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો યોજવામાં આવે છે.

બાળકને સતત કંઈ નવું જાણવાની પામવાની ક્ષમતા હોય છે. પતંગિયું જેમ સ્થિર ન રહે તેમ આપણી પાસે શાળામાં આવતું બાળક પણ કંઈક કરવાની અને મેળવવાની તમન્ના માટે થનગનતું હોય છે. બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓથી તેઓની ક્રિયાશીલતામાં વધારો નોંધાય છે. બાળમેળો શબ્દ ઇ.સ.1990માં આપણને જૂનાગઢની ધરા પરથી મળ્યો. શૂન્યમાંથી સર્જન કે વેસ્ટ માંથી બેસ્ટ કરી શકાય અને તેના દ્વારા બાળકની સુષુપ્ત શક્તિને યોગ્ય દિશા આપી શકાય તેવા હેતુથી આપણે દર વર્ષે ગુજરાતની તમામ શાળાઓમાં બાળમેળાનું આયોજન કરીએ છીએ. બાળકને આજના સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં બાળમેળા થકી વિશેષ નવું અને નક્કર આપી શકાય તેવો આ મોડ્યુલના નિર્માણનો ઉપક્રમ છે.

બાળકો સ્વયં કુદરતનું નવું સર્જન તો છે જ પણ સાથે સાથે તેઓ ભરપૂર સર્જનાત્મકતા અને ઉર્જાથી હર્યું ભર્યું હોય, તે માટે જરૂર છે માત્ર તેમની સર્જનશક્તિને યોગ્ય દિશામાં વાળીને પ્રવાહિત કરવાની તથા તેમની ગ્રંથિ ઊર્જાને મોકળું મેદાન આપવાની તો આપ સૌનું આ બાળમેળાની દુનિયામાં પ્રવૃત્તિઓની ઝલક નિહાળવા સ્વાગત છે.


**હિરેન ભટ્ટ**

**પ્રાચાર્ય**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

**જૂનાગઢ**




# સંકલ્પના

કુદરતનાં જ બીજા સ્વરૂપ બાળકનાં આનંદ અને વિકાસની વાતોને પ્રગતિનાં પંથે દોરવાનું આગોતરું પગલું એટલે “**બાળમેળો**”. બાળમેળો એ ભાગ લેનાર બાળકો માટેની આનંદ યાત્રા છે, તેઓના સર્વાંગી વિકાસ માટેનો અવસર છે, તેનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ અલગ દિશા ખુલે છે. બાળમેળો એ બાળકોને અભિવ્યક્ત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે.



# બાળમેળાનાં હેતુઓ :

- ❖ સામૂહિક ભાવના અને વિચારશક્તિમાં વધારો જોવા મળે છે.
- ❖ બાળકોમાં આત્મવિશ્વાસથી કાર્યશીલતા સંતોષાય છે.
- ❖ બાળકોની સર્જનાત્મક શક્તિ ખિલવાની તક મળે છે.
- ❖ વિવેચનાત્મક શક્તિનો વિકાસ થાય છે.
- ❖ બાળકોને જાહેરમાં અભિવ્યક્ત થવાની તક પ્રાપ્ત થાય છે.
- ❖ બાળકોમાં ક્ષોભ સંકુચિતતા દૂર થાય.
- ❖ નેતૃત્વશક્તિનો વિકાસ થાય છે.
- ❖ મૂલ્યોનાં ઘડતર સાથે આત્મવિશ્વાસ વધે છે.
- ❖ બાળકોમાં હસ્ત કૌશલ્યનો વિકાસ થાય છે.

ધોરણ ૧ થી ૫ માં આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળો અને ધોરણ ૬ થી ૮ માં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો ઉજવવામાં આવે છે.



# ધોરણ :- ૧ થી ૫

# આનંદદાયી અને

# પ્રવૃત્તિમય

# બાળમેળો



# બાળમેળા અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ

- ગીત - સંગીત - અભિનય
- બાળવાર્તા
- બાળ નાટક
- બાળ રમત
- ચિત્રકામ
- રંગપૂરણી
- છાપકામ
- માટીકામ
- ચીટકકામ
- ગડીકામ
- પર્ણકામ
- પેપર ક્રાફ્ટ
- સર્જનાત્મક પ્રવૃત્તિ
- વેશભૂષા
- સમૂહ પ્રવૃત્તિ
- જાદુઈ નગરી
- હાસ્ય દરબાર
- **F.L.N.** પ્રવૃત્તિ



# પ્રવૃત્તિ–૧ ગીત-સંગીત અને અભિનય

## હેતુઓ :

- તાલબધ્ધ ગીત ગાતા શીખે.
- સૂર-તાલ અને લય જાણતા ન હોવા છતાં આનંદની અનુભૂતિ કરે.
- સમૂહગીત ગાવાથી શરમ-સંકોચ દૂર થાય છે.
- પોતાના મિત્રોની સાથે અભિનય કરવાની તક મળે છે.

## સાધન સામગ્રી :

ઢોલક, ખંજરી, મંજીરા, ઘુઘરા, તબલા, મ્યુઝિક સિસ્ટમ, સી.ડી., ડી.વી.ડી., બાળગીત પોથી..

## પ્રવૃત્તિ :

ગીત-સંગીત અને અભિનયમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ કરી, બાળગીત, અભિનય ગીત, જોડકણાં, બાલ રમત, તાલની રમત, પશુ-પક્ષી ગીત, કૂચ ગીત, કાવ્ય ગાન, અંતાક્ષરી, પ્રાણીગીત.

## ફલશ્રુતિ :

- સૂર, લય, તાલમાં તરબોળ બની આનંદની અનુભૂતિ કરે.
- સંગીત અને અભિનય પ્રત્યે અભિરુચિ કેળવાય છે.




લીલિયા પ્રાથમિક શાળા



વડાળા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૨ બાળવાર્તા

## હેતુઓ :

- શબ્દભંડોળનો વધારો થાય છે.
- કલ્પનાશક્તિનો વિકાસ થાય છે.
- સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકે છે.
- કહેવત અને રૂઢિપ્રયોગ શીખે છે.
- યાદશક્તિ વિકસે છે.
- અભિવ્યકત થવાની તક પ્રાપ્ત થાય છે.

## સાધન સામગ્રી :

વર્તમાનપત્રોની પૂર્તિઓ, બાળવાર્તા તથા ચિત્રવાર્તાના પુસ્તકો, હિતોપદેશ અને પંચતંત્રની વાર્તાઓ.

## કાર્ય પદ્ધતિ :

શાળાનાં શાંત વાતાવરણમાં બધા સાંભળી શકે તેવી જગ્યાએ વાર્તા કહેનાર દ્વારા આરોહ અવરોહયુકત શૈલીમાં વાર્તા કહેવી.



લાઠોદ્રા સીમ પ્રાથમિક શાળા

બેલા પ્રાથમિક શાળા



# પ્રવૃત્તિ – 3 બાળનાટક :

## હેતુઓ :

- અભિનય શક્તિનો વિકાસ થાય છે.
- અભિવ્યક્ત થવાની તક મળે છે.
- ઉચ્ચારણ શુધ્ધિ થાય છે.
- હાવ-ભાવ અને આરોહ-અવરોહ સાથે બોલી શકે છે.
- સભાક્ષોભ દૂર થાય છે.
- સમુહભાવનાનો વિકાસ થાય છે.

## સાધન સામગ્રી :

પાત્રોને અનુરુપ વેશભૂષા અને મંચ સજાવટની સામગ્રી..

## કાર્ય પદ્ધતિ :

- વાર્તાના પ્રસંગોને અનુરુપ અભિનયનો અભ્યાસ કરાવવો.
- યોગ્ય રજૂઆત માટે જરુરી મંચ સજાવટની વ્યવસ્થા કરેલ.

## ફલશ્રુતિ :

- અભિનય શક્તિનો વિકાસ થયો.
- અભિવ્યક્ત થવાની તક મળી અને ઉચ્ચારણ શુદ્ધિ થઈ.



ઊંટડી પ્રાથમિક શાળા




કન્યા શાળા નં. ૪ જૂનાગઢ

# પ્રવૃત્તિ – ૪ બાળ રમત :

## હેતુઓ :

- બાળકોનો શારીરિક વિકાસ થાય.
- નેતૃત્વ અને જવાબદાર અનુયાયી બનવાની તાલીમ મળે.
- ધીરજ, એકાગ્રતા, નિયમપાલન, સહકાર, ખેલદિલી, શિસ્ત, વ્યવસ્થા, ચપળતા વગેરે જેવા ગુણો વિકસે.
- સુષુપ્ત શક્તિની ખીલવણી થાય.

## સાધન સામગ્રી :

દોરી, દડો, ખુરશી, ટેબલ, ખંજરી, ચોકસ્ટીક, લીંબુ, ચમચી, નાનું ડબલુ વગેરે જેવી વિવિધ વસ્તુઓ.

## કાર્ય પદ્ધતિ :

પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં રમતનાં મેદાનમાં તેમજ વર્ગખંડમાં બાળકોને લઈ જઈ વિવિધ બાળરમતો રમાડવામાં આવી હતી, જેમ કે પાસીંગ ધ બોલ, પંખી ઉડે ફરરરર….., કેટલા રે કેટલા ?, નદી કે પર્વત ?, ગાળિયા પસાર, દોરડાં ખેંચ, ઈંડા ચોર, સંગીત ખુરશી, સોય દોરો.

## ફલશ્રુતિ :

- બાળકોમાં ખેલદિલી, કલ્પનાશક્તિ, વિચારશક્તિ, ધીરજ, એકાગ્રતા, ચપળતા, ઝડપી ગણતરી, અનુકૂલન શક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં નેતૃત્વ લેવાની ભાવનાનો વિકાસ થયો.



બરવાળા પ્રાથમિક શાળા



થાપલા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૫ ચિત્રકામ :

## હેતુઓ :

- કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- હાથના આંગળાનો કસબ જોવા મળે અને રંગોની પરિભાષા સમજે.
- મુક્ત રીતે અભિવ્યકત થવાનો મોકો મળે.
- નવસર્જન કર્યાનો સંતોષ થાય.
- એકાગ્રતાનો ગુણ કેળવાય.
- ચોક્સાઇનો ગુણ વિક્સે.

## સાધન સામગ્રી :

કાગળ, કલર, પીંછી, પેન્સિલ વગેરે...

## કાર્ય પદ્ધતિ :

ઉપર જણાવેલ સામગ્રીની મદદથી મનપસંદ ચિત્રો બનાવવા.

## ફલશ્રુતિ :

- વિવિધ રંગોનો પરિચય કરી શક્યા.
- મિશ્ર રંગો બનાવતા શીખ્યા.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણોનો વિકાસ થયો.
- સર્જનનો આનંદ માણ્યો.



બરવાળા પ્રાથમિક શાળા



રેવદ્રા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૬ રંગપૂરણી :

## હેતુઓ :

- રંગોને ઓળખતા થાય.
- રંગોની મેળવણી કરતા શીખે.
- સ્વચ્છતાનો ગુણ કેળવાય.
- ચોક્કસાઈનો ગુણ કેળવાય.

## સાધન સામગ્રી :

કાગળ, કલર, પીંછી, પેન્સિલ વગેરે.

## કાર્ય પદ્ધતિ :

ઉપર જણાવેલ સામગ્રીની મદદથી મનપસંદ ચિત્રો બનાવવા.

## ફલશ્રુતિ :

- વિવિધ રંગોનો પરિચય કરી શક્યા .
- મિશ્ર રંગો બનાવતા શીખ્યા.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણોનો વિકાસ થયો.
- સર્જનનો આનંદ માણ્યો.



વાડાસડા પ્રાથમિક શાળા

ખુભડી પ્રાથમિક શાળા



# પ્રવૃત્તિ – ૭ છાપકામ :

## હેતુઓ :

- સૌંદર્યતા તરફ દ્રષ્ટિ કેળવાય છે.
- રંગ મિશ્રણનું કૌશલ્ય ખીલે છે.
- છાપકામની પદ્ધતિથી વાકેફ થાય છે.
- સર્જનશીલતા વિકસે છે.

## સાધન સામગ્રી :

વિવિધ રંગો ભરેલા વાટકા, કટીંગ કરેલા શાકભાજી, દોરી, રૂ, પક્ષીના પીંછા અને સિકકા.

## કાર્ય પદ્ધતિ :

વિવિધ વસ્તુઓને અલગ-અલગ રંગોમાં બોળી છાપકામ કરવું.

## ફલશ્રુતિ :

વિવિધ શાકભાજી, ફળો અને પાંદડાની અંગૂઠાની છાપ પાડી ચિત્રો બનાવ્યા.



ખોરાસા પ્રાથમિક શાળા



રેવદ્રા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૮ માટીકામ :

## હેતુઓ :

- હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.
- સ્પર્શ દ્વારા આનંદની અનુભૂતિ થાય.
- સર્જનનો આનંદ થાય.

## સાધન સામગ્રી :

પલાળેલી માટી, ગળી, ગેરૂ, રંગીન માટી.

## કાર્ય પદ્ધતિ :

તળાવની ચીકણી માટીમાં રાખ અને લય ભેળવીને પલાળવી જેમાંથી નમુનાં બનાવવા.

## ફલશ્રુતિ :

- માટીનાં વિવિધ આકરો બનાવવાનો આનંદ મેળવી શક્યા.
- સર્જન કરવાની લાગણી અનુભવી શક્યા.



ગ્રામોદ્યોગ પ્રાથમિક શાળા



ગળવાવ પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૯ ચીટક કામ :

## હેતુઓ :

- સૌંદર્યતા તરફ દ્રષ્ટિ કેળવાય.
- પોતાના વિચારો દ્વારા નવી ડીઝાઇન બનાવવાનો આનંદ મેળવે.
- સુશોભન માટે નવી વસ્તુઓ બનાવતા શીખે.
- સુશોભનાત્મક દ્રષ્ટિકોણ કેળવાય.

## સાધન સામગ્રી :

કાર્ડ પેપર, ચણોઠી, લહી, આભલા, ચાંદલા, દીવાસળી, ટીકી, સતારા, ગુંદર.

## કાર્ય પદ્ધતિ :

કાર્ડ પેપર પર ચિત્રો દોરી તેના પર આમાની કોઇપણ વસ્તુઓ ગુંદર વડે ચોંટાડી વિવિધ પ્રકારની ડિઝાઇન બનાવવી.

## ફલશ્રુતિ :

- બાળકોમાં સંગ્રહ શક્તિનો વિકાસ થયો.
- વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની કળાનો વિકાસ થયો.
- કોઈપણ વસ્તુનો જીવનમાં કરકસરપૂર્વક ઉપયોગ કરતા શીખ્યા.



રામેશ્વર પ્રાથમિક શાળા



ધંટિયા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૧૦ ગડીકામ :

## હેતુઓ :

- સર્જનાત્મકતાનો આનંદ મેળવે.
- રચનાત્મકતાનો વિકાસ થાય.
- હસ્ત કૌશલ્ય ખીલે.
- કલ્પનાશક્તિનો વિકાસ થાય.

## સાધન સામગ્રી :

જૂના અખબારો, સાદા કાગળો અથવા ઘુંટીપેપર.

## કાર્ય પદ્ધતિ :

કાગળમાંથી વિવિધ પ્રકારે ગડી પાડી અલગ અલગ નમુના બનાવવા.

## ફલશ્રુતિ :

- બાળકોમાં નિદર્શન શક્તિ, સર્જનાત્મક શક્તિનો સુપેરે વિકાસ થયો.
- હસ્તકૌશલ્ય કેળવી પ્રાણીઓના આકારો બનાવતા શીખ્યા.
- વિવિધ વસ્તુઓને ઓળખતા થયા.



નુનારડા પ્રાથમિક શાળા



# પ્રવૃત્તિ – ૧૧ પર્ણકામ :

## હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતાને પોષણ મળે.
- સર્જનવૃત્તિ સંતોષાય.
- પર્યાવરણ સાથે આત્મીયતા કેળવાય.
- પ્રકૃતિ પ્રત્યે સભાનતા કેળવે.

## સાધન સામગ્રી :

વિવિધ વનસ્પતિના પર્ણો, દોરી, કાતર, કલર વગેરે.....

## કાર્ય પદ્ધતિ :

બાળકો વિવિધ વનસ્પતિઓના પર્ણોની મદદથી વનસ્પતિના વિવિધ ભાગોનો ઉપયોગ કરીને નવીન કૃતિ બનાવતા થયા.

## ફલશ્રુતિ :

બાળકોને પર્યાવરણલક્ષી જ્ઞાન મળે છે અને તેની જાળવણી કરતા શીખે છે. બાળકો પર્યાવરણ પ્રત્યે સાહજીક બની પર્યાવરણ બચાવવાની જવાબદારી ઉપાડતા થાય છે.



સેંદરડા પ્રાથમિક શાળા



સેંદરડા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૧૨ પેપર ક્રાફ્ટ :

## હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતાને પોષણ મળે.
- બાળકોની કલ્પનાઓ સિદ્ધ થાય.
- બાળકોમાં કંઈક વિશિષ્ટ કરવાની ભાવના કેળવાય.
- બાળકોમાં કંઈક નવું કરવાની જિજ્ઞાસા સંતોષાય.

## સાધન સામગ્રી :

પેપર, પૂંઠા, સેલોટેપ, કાતર, રંગીન કાગળ, સાદો કાગળ.

## કાર્ય પદ્ધતિ :

કાગળ પૂંઠા વગેરે માંથી અલગ અલગ નમૂના બનાવવા.

## ફલશ્રુતિ :

- બાળક સર્જકતાનો આનંદ મેળવે છે.
- બાળકમાં ચોક્કસાઈનો ગુણ કેળવાય છે.



ઇશ્વરીયા(માં) પ્રાથમિક શાળા





આંબલીયા પ્રાથમિક શાળા



વધાવી પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૧૩ સર્જનાત્મક પ્રવૃત્તિ :

## હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતા અને સર્જનાત્મકતા વ્યક્ત થાય.
- બાળકોની કલ્પનાઓમાં વિકાસાત્મક આવર્તન જોવા મળે.

## સાધન સામગ્રી :

બિન વપરાશ વસ્તુઓ, દોરી, પીંછી, કલર ,પક્ષીના પીંછા, જુના અખબારો, સાદા કાગળ, ચાંદલાં, આભલા, કાર્ડ પેપર, ચણોઠી વગેરે.

## કાર્ય પદ્ધતિ :

- વિવિધ વસ્તુઓને આધારે અવનવી વસ્તુઓનું નિર્માણ કરે છે.
- ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે છે.
- શારીરિક, માનસિક, કલ્પના શક્તિ અને વિચાર શક્તિનો વિકાસ થાય છે.

## ફલશ્રુતિ :

- બાળકોમાં ચપળતા, કલ્પના શક્તિ અને વિચાર શક્તિ વિકસે છે.
- બાળકો સર્જકતાનો આનંદ મેળવે છે.




ખામધ્રોળ પ્રાથમિક શાળા



કન્યા પ્રાથમિક શાળા મેંદરડા

# પ્રવૃત્તિ – ૧૪ વેશભૂષા :

## હેતુઓ :

- સાંસ્કૃતિક વારસાથી માહિતગાર થાય.
- અલગ અલગ પાત્રથી પરિચય મેળવે.
- ઐતિહાસિક પાત્રોની ઓળખ થાય.
- અવલોકન શકિત વિકસે.
- ગમ્મત સાથે જ્ઞાન મળે.

## સાધન સામગ્રી :

વિવિધ પાત્રોના પહેરવેશ.

## કાર્ય પદ્ધતિ :

બાળકો જે વ્યક્તિની વેશભૂષા ભજવવાની હોય તે વ્યક્તિનો પહેરવેશ પહેરીને બે-પાંચ વાક્યો તેના વિશે બોલ્યા હતા.

## ફલશ્રુતિ :

બાળકો વિવિધ પાત્રો સાથે એકાત્મભાવ અનુભવી શક્યા હતા.



બુરી પ્રાથમિક શાળા



# પ્રવૃત્તિ – ૧૫ સમૂહ પ્રવૃત્તિ :

## હેતુઓ :

- બાળકોમાં સહકારની ભાવના ઉત્પન્ન થાય.
- બાળકો સહકાર, નેતૃત્વ અને લોકશાહીની ઢબો વિશે જાણે.
- બાળક અન્યને મદદરૂપ થતા શીખે.

## સાધન સામગ્રી :

કાગળ, કાપડ, ચોક, ડસ્ટર, રંગો વગેરે...

## કાર્ય પદ્ધતિ :

બાળકો સમૂહમાં એકબીજાની મદદ લઈ સહકારની ભાવના સાથે કંઈક નવું અથવા તો કોઈ સમસ્યાઓનો ઉકેલ શોધવાની પ્રક્રિયા હાથ ધરે છે.

## ફલશ્રુતિ :

- બાળકોમાં સહકાર ભાવનાનો વિકાસ થાય છે.
- રાષ્ટ્રીય એકતા વિશે સભાન બને છે.



પાદરીયા પ્રાથમિક શાળા



વાડલા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૧૬ જાદુઈનગરી :

## હેતુઓ :

- મનોરંજન મળે.
- જીજ્ઞાસા સંતોષાય.
- જાદુ પાછળના વૈજ્ઞાનિક કારણો જાણે.
- તર્ક અને કલ્પનાનો વિકાસ થાય.

## સાધન સામગ્રી :

જાદુ કરવા માટે પ્રાથમિક કીટ.

## કાર્ય પદ્ધતિ :

જાદુના વિવિધ પ્રયોગનું નિદર્શન કરવું. કોરા કાગળમાં મીણબત્તીથી “જાદુ” અક્ષર લખી નાખવો તેના પર કંકુનો છંટકાવ કરવાથી “જાદુ” શબ્દ ઉપસી આવે છે.

## ફલશ્રુતિ :

- રંગોની મિલાવટથી જિજ્ઞાસા જાગૃત થઈ.
- જાદુઈ ઘટના પાછળનું વિજ્ઞાન સમજી શક્યા.
- જાદુ પાછળનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સમજ્યા.



કુમાર શાળા મેંદરડા

# પ્રવૃત્તિ – ૧૭ હાસ્ય દરબાર :

## હેતુઓ :

- સભાક્ષોભ દૂર થાય.
- જીવનનો આનંદ માણે.
- મનોરંજન થાય.
- વ્યંગ સમજવાની વૃત્તિ કેળવાય.

## સાધન સામગ્રી :

સંદેશ કિડ્ઝ, ઝગમગ, ટીવી, કમ્પ્યુટર વગેરે...

## કાર્ય પદ્ધતિ :

વિવિધ ટૂચકા કહ્યા અને કાર્ટૂન ફિલ્મ જોઇ.

## ફલશ્રુતિ :

બાળકોનું શ્રવણ અને કથન કૌશલ્ય વિકસ્યું .




કોયલાણા પ્રાથમિક શાળા



કુલરામા પ્રાથમિક શાળા

# પ્રવૃત્તિ – ૧૮ FLN :

## હેતુઓ :

- બાળકો પાયાનું શિક્ષણ મેળવે.
- બાળકોમાં ભાષા અને ગણિત પ્રત્યેનો ડર દૂર થાય.
- બાળકો શિક્ષણ પ્રત્યે સાહજીક થઇ શિક્ષણાભિમુખ બને.

## સાધન સામગ્રી :

બ્લેકબોર્ડ, ચાર્ટ, ચોક, ડસ્ટર, ફ્લેશ કાર્ડ.

## કાર્ય પદ્ધતિ :

વયકક્ષા અનુસાર પાયાની સાક્ષરતા અંગે ખ્યાલ મેળવવો.

## ફલશ્રુતિ :

- ગણિત અને ભાષાના પાયાના એકમોની માહિતી મેળવે.
- લર્નિંગ લોસ દૂર થાય.



લુશાળા પ્રાથમિક શાળા



ઇશ્વરીયા(માં) પ્રાથમિક શાળા

# જિલ્લામાં થયેલ વિવિધ પ્રવૃતિઓના QR કોડ:

# ઉપસંહાર :

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં ભલામણ કરેલ છે કે, કલા, કવીઝ, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમર્ગ વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે.** આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવેલ હતું.

**GCERT,** ગાંધીનગરનાં માર્ગદર્શનથી જૂનાગઢ જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે બાળમેળા તથા જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવેલ હતું.

આમ, ખરેખર એનસીએફ-૨૦૦૫ની ભલામણો પ્રમાણે બાળક એ જ્ઞાનનો સર્જક છે, ઉપભોકતા નહી, એ યુકિત બાળમેળાથી સાર્થક થાય છે. બાળમેળાની પ્રવૃતિથી બાળકોના જીવનમાં આગળ વધવા માટે સફળ, સુખમય, શાંતિમય, અને સ્વરછ જીવન ઘડતર માટે સતત વિકાસશીલ રહેવા માટે ખૂબ જ જરૂરી છે.

વિચાર કરીએ..........વિકાસ કરીએ.......

કૌશલ્ય ઓળખીએ......બાળકને ઉન્નત બનાવીએ.........


# બાળકોનાં, વાલીઓનાં,

# એસ.એમ.સી. સભ્યોનાં,

# આચાર્યશ્રીનાં પ્રતિભાવો



# પ્રતિભાવો



મંડલીકપુર પ્રા. શાળા
તા. જિ. જુનાગઢ


શ્રી મંડલિકપુર પ્રા. શાળા
પે.સે. કુમાર શાળા બિલખા
તા. જુનાગઢ (ગ્રામ્ય)
તા. ૨૭/૦૯/૨૦૨૩

આજ રોજ શ્રી મંડલિકપુર પ્રાથમિક શાળામાં બાળમેળા-૨૦૨૩નું આયોજન થયેલ. જેમાં અલગ-અલગ પ્રવૃત્તિ મુજબ ધોરણ ૧ થી ૫ તથા બાલવાટીકાના બાળકોના જૂથ બનાવેલ. સ્ટોલમાં વિદ્યાર્થી મુજબ સ્ટૂલ રાખી બેઠક વ્યવસ્થા ગોઠવેલ. તેમજ રંગપૂરણી, કાગળકામ, માટીકામ, ચીટકકામ, અભિનય ગીત, વાર્તા સ્પર્ધા, પર્ણ કામ, છાપકામ, ચિત્રકામ, રંગોળી પ્રવૃત્તિના સ્ટોલ બનાવેલ. દરેક બાળકો વારાફરતી અલગ-અલગ સ્ટોલે જઈ પ્રવૃત્તિઓ કરેલ.

બાળકોએ ખુબ જ ઉત્સાહ અને આનંદથી પ્રવૃત્તિઓ કરી પોત-પોતાના કૌશલ્યો રજૂ કરેલ. બાળકો બાળમેળા દ્વારા પોતાના કૌશલ્યો, કલા રજૂ કરે તે ઉપરાંત અન્ય બાળકો પાસેથી પણ ઘણૂ બધુ શીખી પોતાની આવડતને આગળ વધારી શકે છે

ખરેખર બાળમેળાની પ્રવૃત્તિ આનંદદાયી, કૌશલ્ય વર્ધક અને બાળકોની કલાને નિખાર કરનારી છે.

આચાર્ય
મંડલીકપુર પ્રા. શાળા



શિક્ષણ સાગર
The King of Education

## બાળકોના પ્રતિભાવો

તા=૨૭/૯/2023

NEM: RAV..

અમારી વા કુંદિયા પ્રા શાળામાં બાલમેળાની પ્રવૃત્તિ યોજવામાં આવી અમોએ તેમાં ૧ થી ૫ના બેસીને કામ કર્યું

બાલ મેળામાં અમે ગ્રુપવાઈઝ બેસાડવામાં આવ્યા. તેમાં રંગોળી, છાપકામ, ચીપકકામ રંગપુરણી કાતરકામ અને માટીકામની પ્રવૃત્તિ કરવામાં આવી આ પ્રવૃત્તિમાં અમને ખુબ જ આનંદ આવ્યો તેમજ અમોને ઘણાબધું જાણવા મળ્યું આ પ્રવૃત્તિથી અમે સૌ કંઈક શીખ્યા

# પ્રતિભાવો

જિલ્લા શિક્ષણ સમિતિ જુનાગઢ સંચાલિત

## સ.વ.પટેલ જીન પ્લોટ પે સેન્ટર શાળા

ભેસાણ, તા.-ભેસાણ, જિ.-જુનાગઢ, પીન-૩૬૨૦૨૦

Email Id- Jinplot.bhesan@gmail.com  આધાર ડાયસ કોડ - 24121102305

તારીખ- ૧૭/૦૮/૨૦૨૩

### બાળમેળો-૨૦૨૩ અહેવાલ

આજ રોજ તારીખ:-૧૭/૦૮/૨૦૨૩ને ગુરુવારના સ. વ. પટેલ જીન પ્લોટ પે સે.શાળા ભેસાણ ખાતે જી.સી.ઇ.આર.ટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જુનાગઢ પ્રેરીત બાળમેળો નુ આયોજન કરવામા આવ્યુ હતુ. તેમા શાળામા અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૫ ના ૨૧૨ બાળકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો.

આ બાળ મેળા અંતર્ગત શાળા કક્ષાએ બાળકો ને આનંદ દાયક અને પ્રેરક પ્રવુતીઓ શાળા મા કરાવવામા આવી હતી.તેમા શાળામા અભ્યાસ કરતા બાલવાટીકાથી ધો.૧થીપ ના બાળકોએ પોતાના મા રહેલી આવડત ને પ્રસ્તુત કરેલ હતી. બાળમેળો અંતર્ગત બાળવાર્તા, માટીકામ, ચિત્રકામ,રંગ પુરણી,છાપ કામ, ચિટક કામ, સમુહ પ્રવુતી,સર્જનાત્મક પ્રવુતી, જેવી બાળ મેળાની વિવિધ પ્રવુતીઓ કરાવવામા આવી હતી. તે વિવિધ પ્રાવુતી બાળકો દ્વારા સરસ રીતે કરવામા આવી હતી.

આમ સમગ્ર દિવસ દરમીયાન વાતાવરણ ભાવપુર્ણ બની ગયુ. હતુ. અને શાળા મા સરસ આનંદાયક વાતાવરણનુ નિર્માણ પામ્યુ હતુ. આમ બાળમેળાનો દિવસ સફળતા થી અને ખુબજ સારી રીતે શાળામા પુર્ણ થયો હતો. અને આ સમગ્ર કાર્યક્મ નુ સફળ આયોજન આચાર્યશ્રી દ્વારા કરવામા આવ્યુ હતુ. અને સંચાલન શિક્ષકો દ્વારા કરવામા આવ્યુ હતુ.

આચાર્ય
શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ
જીન પ્લોટ પે.સે. શાળા
ભેસાણ

---

બામણગઢ પ્રા. શાળા
તા. ૧૭/૮/૨૦૨૩

બાળમેળો

આચાર્ય :- હરખાણી મુકેશભાઈ રમેશ

પ્રતિભાવ

→ ધો ૧ થી ૫ માં બાળમેળામાં ભાગ લેનાર દરેક બાળકોમાં ઉત્સાહ અને થનગનાટ જોવા મળેલ.

→ ધો ૧ થી ૫ માં વિવિધ વિભાગોમાં બધા બાળકોએ બાલવાટિકા સહિત ભાગ લીધેલ.

→ ધો ૧ થી ૫ માં દરેક વિદ્યાર્થીએ સોંપેલ કાર્ય ખૂબજ રસપ્રદ રીતે પ્રવૃત્તિ કરતા જોવા મળેલ. તેમજ દરેકે કરેલ પ્રવૃત્તિનું નિદર્શન કરાવેલ.

→ દરેક બાળકને જિજ્ઞાસાપૂર્વક કંઈક નવું શીખવાની તક મળેલ અને ઉમંગભેર પ્રવૃત્તિ કરેલ.

→ ધો ૧ થી ૫ માં રંગકામ, રંગપૂરણ, ચિત્રકામ, બાળવાર્તા, કાતરકામ, ગીતસંગીત, આરોગ્ય, પર્યાવરણ જેવા વિભાગોમાં દરેક બાળકે ખૂબ જ રસપૂર્વક કામ કરેલ.

→ દરેક બાળકોમાં પોતાના અંદર રહેલી શક્તિ અને કૌશલ્યો સ્વાભાવિક રીતે જોવા મળેલ.

## સારણી૧.૧
## ધોરણ ૧ થી ૫ બાળમેળાની અભિપ્રાયોનું પૃથક્કરણ

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સહમત | અંશતઃ સહમત | તટસ્થ | અંશતઃ અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | 195 | - | - | - | - |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | 195 | - | - | - | - |
| ૩ | બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળેલ છે. | 195 | - | - | - | - |
| ૪ | બાળમેળાનીપ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | 189 | - | 6 | - | - |
| ૫ | બી.આર.સી., સી.આર સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન મળેલ છે. | 195 | - | - | - | - |
| ૬ | બાળમેળામાં દરેક ખંડમાં બાળકપ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | 192 | 3 | - | - | - |
| ૭ | બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | 195 | - | - | - | - |
| ૮ | બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | 180 | 7 | 8 | - | - |
| ૯ | બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | 195 | - | - | - | - |
| ૧૦ | બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | 184 | 6 | 3 | 2 | - |
| ૧૧ | બાળમેળાને પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા વધુ સારી રીતે ખીલવી શકાય છે. | 195 | - | - | - | - |
| ૧૨ | બાળમેળાની પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | 195 | - | - | - | - |

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સહમત | અંશતઃ સહમત | તટસ્થ | અંશતઃ અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | 175 | 8 | 5 | 3 | 4 |
| ૧૪ | બાળમેળા દરમ્યાન એસએમસી સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | 190 | 2 | 2 | 1 | - |
| ૧૫ | બાળમેળા દરમ્યાન બાળકો અને શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળેલ છે. | 159 | 10 | 10 | 9 | 7 |
| ૧૬ | બાલમેળોની એક દિવસની સમય મર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઈએ ? | 195 | - | - | - | - |
| ૧૭ | બાળમેળા દરમ્યાન બાળકો – શિક્ષકો- શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | 195 | - | - | - | - |
| ૧૮ | સમગ્રતયા બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | 195 | - | - | - | - |

1. બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.
2. શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે.
3. બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.
4. બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 96.92 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.
5. બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારાબાળમેળો બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા બાળમેળો બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.
6. બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 98.46 ટકા અને અસંમતમાં 1.54 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

7. બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં 100 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.

8. બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 92.31 ટકા અને અસંમતમાં 3.59 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.

9. બાળમેળો સંદર્ભે શૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો સંદર્ભે શૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.

10. બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  94.36 ટકા અને અસંમતમાં 3.08 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાદ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.

11. બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાનીપ્રવૃત્તિઓ દ્ઇારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.

12. બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.

13. બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 89.74 ટકા અને અસંમતમાં 4.10 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.

14. બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 81.54 ટકા અને અસંમતમાં 5.13 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો કાર્થક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

15. બાળમેળા દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 81.54 ટકા અને અસંમતમાં 5.13 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.

16. બાળમેળો દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.

17. બાળમેળા દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.

18. સમગ્રતયા બાળમેળોનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે સમગ્રતયા બાળમેળો નો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો.

# બાળમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

Ph.no: 0265 2622361

Email: dietjunagadh@gmail.com

સત્યમેવ જયતે

DIET

જાવકનં:જશભ/WE/બાળમેળા/2023-24/૮૦૮-૮૫ તા.04/05/2023

પ્રતિ,

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,

બી.આર.સી.કૉ.ઓર્ડિનેટરશ્રી તમામ,

જિલ્લો – જૂનાગઢ

વિષય:- વર્ષ:-2023-2024માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના આયોજનની માર્ગદર્શક સૂચનાઓ બાબત.

સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2023-24/13657-691,તારીખ:02/05/2023

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં ભલામણ કરેલ છે કે, "કલા, કવીઝ, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની 'સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે" આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) આધારીત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગડીકામ, બાળવાર્તા આધારિત નાટક જેવી વિવિધ કૌશલ્યની ખિલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

બાળમેળા અને લાઇફસ્કીલ મેળા યોજવા માટેની ગ્રાન્ટ અત્રેથી ફાળવવામાં આવશે. ત્યારે તેની જાણ કરવામાં આવશે અને ગ્રાન્ટ ફાળવણી પત્રક મોકલવામાં આવશે. ગ્રાન્ટની ફાળવણી થયા બાદ બાળમેળા અને લાઇફસ્કીલ યોજવા માટેની તારીખોની જાણ કરવામાં આવશે, તે મુજબ આયોજન કરવાનું રહેશે.

➢ <u>બાળમેળાના મુખ્ય હેતુઓ-</u>

- વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- વિદ્યાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
- વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.

➢ લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-

- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂવર્ક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
- જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
- વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

<u>નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.</u>

1. વર્ષ-2023-24માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે ધો. 6 થી 8ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.
2. શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અગવત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને લાઇફસ્કીલમેળા યોજાય તેવું આયોજન કરવાનું રહેશે.
3. બાળમેળા અને લાઇફસ્કીલમેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યારબાદ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગ્રૂપમાં રોટેશન મુજબ આયોજન કરવું.
4. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બંનેમાં "ટોક શો"ના નામથી પ્રવૃત્તિમાં નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે. તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે.)

❖ ''ટોક શો''ના સૂચિત વિષયો:

i. મારા સપનાનું ભારત
ii. મારી શાળા મારા વિચારો
iii. પર્યાવરણ બચાવો દેશ બચાવો
iv. મારી સામાજિક ફરજ

- બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.

1. બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ –

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા , બાળવાર્તા આધારિત નાટક , માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, , બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય,પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે |

2. લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ –

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાન વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br><br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિક મેલા અન્તર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણના પાઠ્યપુસ્તકમાં શારિરીક શિક્ષણના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

5) આ સાથે મોનીટરીંગ કરનાર માટેનું સૂચિત મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ સામેલ છે. જે બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમિયાન ટી.પી.ઇ.ઓ., બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ., બી.આર.પી.કો.ઓ. દ્વારા મોનીટરીંગ કરવું અને આ ફોર્મ અવશ્ય ભરવું.

6) શાળાકક્ષાએ બાળમેળા – લાઇફસ્કીલમેળા યોજાય ગયા બાદ આ ફોર્મ પ્રોપર ચેનલ મારફત દિન-પમાં તાલુકાકક્ષાએ બી.આર.સી.કો.ઓ.ને પહોંચાડવાનું રહેશે. બી.આર.સી.કો.ઓ.ને તાલુકાના લાયઝનને ત્યારપછીના દિન-૨માં ફાઇલ તૈયાર કરી સોંપવાની રહેશે.

7) બાળમેળા લાઇફસ્કીલ મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીના સંખયા આધારિત મોકલવામાં આવેલ માહિતી મુજબ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલસ્કૂલ (ધો.૧ થી૮) પ્રત્યેક શાળાને વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી **RTGS** થી કરવામાં આવશે.

8) શાળાકક્ષાએ બાળમેળા-લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ શાળાકક્ષાના થયેલ ખર્ચનું યુટિલાઇઝેશન મેળવી મુદા નંબર – ૬ મુજબ નિયત સમયમર્યાદામાં આપવાનો રહેશે.

9) શાળામાં બાળમેળા-લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ દરેક પ્રવૃત્તિનો વિડીયો કલીપસ, ફોટોગ્રાફ, બાળકો/વાલીના અને SMCના પ્રતિભાવ પત્રકો ડાયેટના WE શાખા દ્વારા આયોજન કરવામાં આવે ત્યારે આ રીવ્યુ બેઠકમાં સી.આર.સી.કો.ઓ.એ અચૂક લઇને આવવાનું રહેશે.

10) શાળાકક્ષાએ બાળમેળો લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ તેના ફોટોગ્રાફસ, વીડીયોકલીપ, ડોકયુમેન્ટ્રી અને અહેવાલ શાળાએ નિભાવવાનો રહેશે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

બિડાણ:

૧) બાળમેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
૨) લાઇફસ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
૩) વર્ષ ૨૦૨૩-૨૪નું બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ
૪) બાળકોના પ્રતિભાવ અને વાલીના પ્રતિભાવ પત્રક
૫) SMCના સભ્યોનું પ્રતિભાવ પત્રક

નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :

- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેકટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જિ.જૂનાગઢ

❖ નકલ રવાના જાણ, અમલ તથા માર્ગદર્શન/મોનીટરીંગ થવા સારૂ :

- સી.આર.સી. કો શ્રી, તમામ તાલુકા, જૂનાગઢ જિલ્લો (બી.આર.સી.કોશ્રી મારફત )
- શાળાના આચાર્યશ્રી, તમામ, જૂનાગઢ જિલ્લો (સી.આર.સી.કોશ્રી મારફત )

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

બાળમેળો વર્ષ: 2023-24

મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ

તારીખ:..................................

શાળાનું નામ: ..........................................................................................................................

જિલ્લો: ....................................તાલુકો: .......................................... કલસ્ટર: ....................................

બાળમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા:ધો. ૧ થી ૫: કુમાર- .............કન્યા: .......................કુલ...........

નિરીક્ષણનો સમયગાળો: .......................... થી ...................................

| ક્રમ | વિધાન | હા / ના |
|---|---|---|
| ૧ | બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી. , સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૭ | બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા વધુ સારી રીતે ખીલવી શકાયછે. | |
| ૧૨ | બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | બાળમેળાકાર્યક્રમના દસ્તાવેજીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૪ | બાળમેળાદરમ્યાન એસએમસીના સભ્યોનો સહકારમેળવવામાં આવેલ છે. | |
| ૧૫ | બાળમેળાદરમ્યાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૬ | બાળમેળાની એક દિવસની સમયમર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઇએ. | |
| ૧૭ | બાળમેળાદરમ્યાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્રતયાબાળમેળોનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામ: ........................................................ સહી.........................

હોદો: ..............................................................................

સંસ્થાનું નામ: ...........................................................................

3728-3739

ક્રમાંક :જશભ/ WE/D-7/બાળમેળા/23-24/
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જૂનાગઢ.
તા.08/08/23

પ્રતિ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી,
તમામ તાલુકા, જિ. જૂનાગઢ.

વિષય:-વર્ષ-2023-24ના બાળમેળા અને લાઇફસ્કીલમેળાની ગ્રાંટ ફાળવવા તથા આયોજન કરવાં બાબત

સંદર્ભ :-(1) GCERT/તાલીમ/2023-24/10423-52/તા:06-04-2023.
(2) GCERT/તાલીમ/2023-24/13657-651/ તા:02-05-2023
(3) GCERT/તાલીમ/2023-24/ 20944-77/ તા:20-07-2023.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ભલામણ કરી છે કે, "કલા, ક્વીઝ, રમતગમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિતની વિવિધ સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે." અ: બેગલેસ દિવસનાં ભાગ સ્વરૂપે ધો.1 થી 5નાં વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધો.6 થી 8નાં વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ 1 થી 5નાં વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું અને ધોરણ-6 થી 8નાં વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શાળાઓમાં બાળમેળા/ લાઇફસ્કીલમેળાનું આયોજન કરવાનું થાય છે. ચાલુ વર્ષે ડાયેટ, જૂનાગઢ દ્વારા જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા એમ પ્રત્યેક શાળાને તેનાં પ્રકાર અને વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ગ્રાન્ટ શાળાનાં એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGSથી આપવામાં આવેલ છે.

નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.

1) વર્ષ-૨૦૨૩-૨૪માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ આશ્રમશાળા, કે.જી.બી.વી., પ્રથમ દિવસે તા. 17/08/23ના રોજ ધો. 1 થી 5નાં બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે તા. 18/08/23નાં ધો. 6 થી 8નાં બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.

2) બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે વિદ્યાર્થીની સંખ્યા આધારિત આપનાં દ્વારા મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, પ્રત્યેક શાળાને નીચે મુજબ શાળા પ્રકાર/ વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ, જૂનાગઢ દ્વારા સંદર્ભપત્ર- 3 મુજબ શાળાનાં એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGSથી કરવામાં આવેલ છે.

| પત્રક- A | | પત્રક- B | | પત્રક- C | |
|---|---|---|---|---|---|
| ફક્ત 1 થી 5 ધરાવતી શાળા | | ફક્ત 1 થી 8 ધરાવતી શાળા | | ફક્ત 6 થી 8 ધરાવતી શાળા | |
| શાળા દીઠ રૂ. 235/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- | શાળા દીઠ રૂ. 470/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- | શાળા દીઠ રૂ. 235/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- |

3) તાલુકામાં બાળમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/ વિડીયો ક્લીપ્સ/ ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટ કક્ષાએ આપવાનો રહેશે. આ માટે એક ગુગલ ફોર્મની લીંક whatsapp ગ્રુપ દ્વારા તમામ BRC મિત્રોને બાળમેળા પહેલાં મોકલવામાં આવશે. જે લિંક તમામ આચાર્યશ્રીને બાળમેળા પહેલાં મોકલવાની રહેશે.

4) જિલ્લામાં બાળમેળા/ લાઈફસ્કીલ મેળા યોજાયા બાદ તાલુકાની શાળાના યુટિલાઇઝેશન સર્ટીફિકેટની ફાઈલ ડાયેટ જૂનાગઢ ખાતે દિન-5માં મોકલવાની રહેશે અને શાળા કક્ષાએ ખર્ચની ફાઈલ નિભાવવાની રહેશે. જયારે ડાયેટ જૂનાગઢ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આપવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ
જૂનાગઢ.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ.

બિડાણ- 1) સંદર્ભપત્ર- 3. 2) શાળાએ આપવાનું યુટીલાઈઝેશન સર્ટીફિકેટ

નકલ સવિનય રવાના(જાણ સારૂ): સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

નકલ રવાના (જાણ તથા મોનીટરીંગ કરવા સારૂ):

સિનિયર લેક્ચરરશ્રી/ લેક્ચરરશ્રી (તમામ) આ સંસ્થા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

Ph.no: 0285 2622361

Email: dietjunagadh@gmail.com


જાવકનં:જશભ/તલમ/સંકલન બેઠક/2023-24/ 3805-15 તા.09/08/2023

પ્રતિ

માનનિય ચેરમેનશ્રી,

જિલ્લા શિક્ષણ સમિતિ,

જૂનાગઢ

વિષય : સંકલન બેઠકમાં ઉપસ્થિત રહેવા બાબત

સંદર્ભ : ૧.જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૩-૨૪/૨૨૭૮૧-૮૧૦ તા. ૫/૮/૨૦૨૩

શ્રીમાન,

જયભારત સાથ ઉક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ દ્વારા સંકલન બેઠકનું આયોજન નીચે જણાવેલ સ્થળ, તારીખ અને સમયે કરવામાં આવેલ હોય આ બેઠકમાં આપશ્રી ઉપસ્થિત રહો તે ખૂબ જરુરી છે. આ બેઠકમાં પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહી શકાશે નહીં. સંકલન બેઠકના એજન્ડા

- કલાઉત્સવ
- વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન અને ઇન્સપાયર એવોર્ડ
- બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળા
- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ
- બેઇઝ લાઇન એસેસમેન્ટ સર્વે
- બાલવાટીકા બાકી રહેલા શિક્ષકોની તાલીમ
- બાલવૃંદની રચના અને અમલીકરણ અને આગામી તાલીમનું આયોજન

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ - જૂનાગઢ

તારીખ : ૧૦/૦૮/૨૦૨૩ સમય : ૧૧-30 કલાકે

નોંધઃ -એસવીએસના આચાર્યશ્રીઓએ એસવીએસ કક્ષાના વિ.ગ. પ્રદર્શનના સ્થળની માહિતી સાથે લાવવી

- વિ.ગ.પ્રદર્શનની ગ્રાન્ટ પણ ઓનલાઇન ચુકવવાની હોવાથી તેમની બેંક એકાઉન્ટની માહીતી સાથે લાવવી

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ

- નકલ સવિનય જાણ માટે રવાનાઃ

૧. નિયામકશ્રી,જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર.

૨. રીડરશ્રી, પી એન્ડ એમ શાખા, જીસીઇઆરટી, ગાંધીનગર

૩ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)

૪ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)

૫ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંઘ- પ્રમુખ અને મહામંત્રીશ્રી – જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)

Scanned with CamScanner

સ્લોગન- પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
બિલખા રોડ, જૂનાગઢ
Blog dietjunagadh.blogspot.in
www.dietjunagadh.in
dietjunagadh@gmail.com
તા.૨૪/૦૮/૨૦૨૩

ક્રમાંકઃજશભ/બાળમેળા/૨૦૨૩-૨૪/૫૦૮૨

પ્રતિ,
સચિવશ્રી,
જી.સી.ઇ.આર.ટી.,
ગાંધીનગર

વિષયઃ- બાળમેળા/લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ તથા શાળાની સંખ્યા અને ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા મોકલવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૩-૨૪/૧૩૬૫૭-૬૯૧ તા.૦૨/૦૫/૨૦૨૩

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષમાં પણ શાળાઓમાં બાળમેળા/લાઇફસ્કીલમેળાનું આયોજન કરવાનું થાય છે. સંદર્ભપત્રમાં જણાવ્યા અનુસાર બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ અને શાળાની સંખ્યા અને ભાગલીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપ સાહેબને વિદિત થાય.

(હિરેન એસ. ભટ્ટ)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

Scanned with CamScanner

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ
## બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ
## વર્ષ ૨૦૨૩-૨૪

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને પરિષદ, (જીસીઇઆરટી) ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઇફસ્કીલમેળા યોજવા માટે ઇડીએન-૧૨-એપેન્ડીક્ષ-૬ અન્વયે કુલ રૂા ૬,૬૧,૬૮૪/- (અંકે રૂપિયા છ લાખ એકસઠ હજાર છ સો ચોર્યાસી) પૂરાની ગ્રાન્ટ મળેલ હતી જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ ૬,૦૮,૪૪૪/- (અંકે રૂપિયા છ લાખ આઠ હજાર ચારસો ચુમાલીસ) પૂરાનો ખર્ચ કરવામાં આવેલ છે.

| હેડ | કુલ મળેલ ગ્રાન્ટ | ઉપાડેલ ગ્રાન્ટ | ન ઉપાડેલ સરન્ડર કરવાની થતી હોય તો તે રકમ |
|---|---|---|---|
| ૯-જનરલ | ૬,૬૧,૬૮૪/- | ૬,૦૮,૪૪૪/- | ૫૩,૨૪૦/- |
| ૯૫-એસ.સી.એસ.પી. | - | - | - |
| ૯૬-ટી.એ.એસ.પી. | - | - | - |
| કુલ | ૬,૬૧,૬૮૪/- | ૬,૦૮,૪૪૪/- | ૫૩,૨૪૦/- |

બાળમેળા અને લાઇફસ્કીલ મેળા યોજવામાં આવેલ હોંય તે શાળાની સંખ્યા અને ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યા નીચે મુજબના પત્રકમાં જણાવવી.

| જિલ્લાનું નામ | પત્રક - A | | પત્રક - B | | પત્રક - C | |
|---|---|---|---|---|---|---|
| | ફકત ધો. ૧ થી ૫ ધરાવતી શાળા | | ફકત ધો. ૧ થી ૮ ધરાવતી શાળા | | ફકત ધો. ૬ થી ૮ ધરાવતી શાળા | |
| | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા |
| જૂનાગઢ | 208 | 4234 | 533 | 60294 | 1 | 40 |

તારીખઃ- 24/08/2023

પ્રાચાર્યની સહી..........

Principal
District Institute of Education & Training, Junagadh, Code No. 9(

Scanned with CamScanner

# બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનિટ્સ

તારીખ ૧૦/૦૮/૨૦૨૩ના રોજ જૂનાગઢ **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય,** ડાયેટના વ્યાખ્યાતાઓ, જૂનાગઢના તમામ બી.આર.સી કોર્ડીનેટર સાથે એક સંકલન બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં આગામી સમયમાં કરવાના થતાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનાં આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર દ્વારા પોતાના તાલુકામાં જે આયોજન નક્કી કરેલ હોય તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાની નક્કી કરેલ તારીખે સુંદર રીતે અમલીકૃત થાય તેની ચર્ચા કરવામાં આવેલ હતી. સંબંધિત તાલુકાના લાયઝન અધિકારીને સંકલમા રાખી તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર બાળમેળા અને લાઈફસ્કીલનાં અમલીકરણની ચર્ચા કરવામાં આવી.


Thank you